# Pravasi Bharatiya Divas Convention: 2021

January 07, 2021

## પ્રવાસી ભારતીય દિવસ સંમેલન: 2021

જાન્યુઆરી 07, 2021

પ્રવાસી ભારતીય દિવસ (PBD) સંમેલન વિદેશ મંત્રાલયની મુખ્ય ઈવેન્ટ છે અને વિદેશમાં વસતા ભારતીયો જોડાણ અને સંપર્ક કરવા માટેનું એક મહત્વનું મંચ પ્રદાન કરે છે. આપણા વાઈબ્રન્ટ વિદેશમાં નિવાસ કરતા ભારતીય સમુદાયની લાગણીઓને ધ્યાનમાં રાખતા, પ્રવર્તમાન કોવિડ મહામારી હોવા છતા, 9 જાન્યુઆરી 2021 નાં રોજ 16મી પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંમેલન વર્ચ્યુઅલ ફોર્મેટમાં યોજવામાં આવશે, અને તેવી જ રીતે તાજેતરમાં આ સંમેલનનાં રન અપ તરીકે PBD સભાઓ યોજવામાં આવી હતી. 16માં PBD સંમેલન 2021 નો વિષય "આત્મનિર્ભર ભારતમાં યોગદાન આપવું" છે.

PBD સંમેલનમાં ત્રણ વિભાગો રહેશે. PBD સંમેલનનું ઉદ્ઘાટન માનનિય ભારતનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે અને તેમાં મુખ્ય અતિથી માનનિય સુરિનામનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ચંદ્રિકાપ્રસાદ સન્તોખીનું પ્રેરક સંબોધન હશે. યુવાઓ માટેની ઓનલાઈન ક્વિઝ ભારત કો જાનિયેનાં વિજેતાઓ પણ જાહેર કરવામાં આવશે.

પ્રારંભિક સત્ર બાદ બે પૂર્ણ સત્રો રહેશે. પ્રથમ પૂર્ણ સત્ર આત્મનિર્ભર ભારતમાં વિદેશમાં નિવાસ કરતા ભારતીયોની ભૂમિકા પર રહેશે જેમાં વિદેશ મંત્રી અને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીનાં સંબોધનો રહેશે, જ્યારે દ્વિતિય પૂર્ણ સત્ર કોવિડ બાદનાં પડકારોનો સામનો કરવો - આરોગ્ય, અર્થતંત્ર, સામાજીક અને આંતરરાષ્ટ્રિય સંબંધોમાં દ્રવશ્ય સ્થિતિ પર રહેશે જેમાં આરોગ્ય મંત્રી અને રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રીનાં સંબોધનો રહેશે. બન્ને પૂર્ણ સત્રોમાં પેનલ ચર્ચાઓ રહેશે જેમાં પ્રતિષ્ઠિત વિદેશમાં વસતા તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવશે.

છેલ્લે વિદાય સત્ર રહેશે જેમાં પ્રવાસી ભારતીય દિવસનાં પ્રસંગને અંકિત કરવા માટે માનનિય રાષ્ટ્રપતિ વિદાય સંબોધન કરશે. 2020-21 માટેનાં પ્રવાસી ભારતીય સમ્માન ઍવોર્ડ પ્રાપ્તકર્તાઓનાં નામો પણ જાહેર કરવામાં આવશે. ભારત અને વિદેશ એમ બન્નેમાં વિવિધ ક્ષેત્રોમાં સિદ્દિધઓ અને યોગદાનોની ઓળખ કરવા માટે પસંદ કરાયેલા વિદેશમાં વસતા ભારતીય સભ્યોને પ્રવાસી ભારતીય સમ્માન ઍવોર્ડ એનાયત કરવામાં આવે છે.

8 જાન્યુઆરી 2021 નાં રોજ "ભારત અને વિદેશમાં વસતા ભારતીયોમાંથી સિદ્ધિઓ હાંસલ કરનારા યુવાઓને સાથે લાવવા" વિષય પર યુવા PBD પણ વર્ચ્યુઅલી ઉજવવામાં આવશે, અને તેનું સંચાલન યુવાઓની બાબતો અને ખેલકૂદ મંત્રાલય દ્વારા કરવામાં આવશે. આ ઈવેન્ટ માટેનાં વિશેષ અતિથી તરીકે ન્યુઝીલેન્ડનાં કમ્યુનિટી એન્ડ વોલન્ટરી સેક્ટર માટેનાં મંત્રી મહામહિમ શ્રીમતિ પ્રિયંકા રાધાક્રિષ્નન રહેશે.

PBD વેબસાઈટ http://www.pbdindia.gov.in and https://www.youtube.com/user/MEAIndia પર આ ઈવેન્ટનું જીવંત વેબકાસ્ટ કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 07, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.